સ્ત્રીઓ, આર્થિક રીતે પછાત વર્ગ
અને વિકલાંગ વિધાર્થીઓને ટ્યુશન
ફીમાંથી મુક્તિ આપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પવશ-૧૦૨૦૦૭-૧૬૫૫-સ
સચિવાલય, ગાંધીનગર
તા.૫-૦૬-૨૦૦૮

વંચાણમાં લીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા. ૯-૭-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક: પવશ-૧૦૨૦૦૭-૧૬૫૫-સ

(૨) ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૮-૫-૨૦૦૮ના પત્ર ક્રમાંક:એડમી/ટ્યુશન ફી/મુક્તિ/૨૦૦૮/૬-(૨) ૨૦૮૩૩

ઠરાવ:-

આમુખમાં ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૯-૭-૨૦૦૭ના ઠરાવથી એ.આઇ.સી.ટી.ઇ. માન્ય ટેકનિકલ સંસ્થાઓમાં વિધ્યા શાખા વાર મંજૂર થયેલ બેઠકોની ૧૦%ની મર્યાદામાં સંખ્યાધિક બેઠકો સ્ત્રીઓ, આર્થિક રીતે પછાત વર્ગ તથા વિકલાંગ ઉમેદવારોને ૨:૩:૧ ના પ્રમાણમાં મેરીટના ધોરણે ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવાની યોજના અમલમાં છે.

આ યોજના હેઠળ આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓ માટે જેમના માતા-પિતા /વાલીની બધાજ સાધનોની વાર્ષિક આવક રૂ. ૨.૫ લાખથી ઓછી હોય તેમનો આર્થિક રીતે પછાત વર્ગની કેટેગરીમાં સમાવેશ થાય છે. આ માટે આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓએ સક્ષમ અધિકારીએ કાઢી આપેલ આવકનુ પ્રમાણપત્ર મેળવીને નિયત સમયમર્યાદામાં રજુ કરવાનુ હોય છે. આ યોજના હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ ના વર્ષમાં પ્રવેશ મેળવવા માટે વિધાર્થીઓ દ્વારા અલગ અલગ પ્રકારના વિવિધ અધિકારીઓ પાસેથી આવકના પ્રમાણપત્રો મેળવીને પ્રવેશ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલ. જેના કારણે આવા પ્રમાણપત્રોની યોગ્યતા તથા સદર પ્રમાણપત્રો આપવા માટેના સક્ષમ અધિકારી તરીકે કોને માન્ય રાખવા તે બાબતે ઘણા પ્રશ્નો ઉભા થયેલ તથા સદર બાબતે ગત વર્ષ દરમ્યાન કોર્ટ કેસ પણ થયેલ. આથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ની પ્રવેશ પ્રક્રિયા શરુ થનાર

હોઇ આ યોજના હેઠળ આવકનુ પ્રમાણપત્ર કયા અધિકારીંનુ માન્ય ગણવું તે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ બાબત પુખ્ત વિચારણાના અંતે આ યોજના હેઠળ આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે જે તે વર્ષની ૧ લી એપ્રિલ પછી આવકનુ પ્રમાણપત્ર આપવા માટે, "મામલતદારશ્રી" અને" તાલુકા વિકાસ અધિકારી" સક્ષમ અધિકારી તરીકે ગણાશે તેવુ આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એલ. પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી,(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-અગ્રસચિવશ્રી,મહેસૂલ વિભાગ,.સચિવાલય, ગાંધીનગર
-અગ્રસચિવશ્રી, પંચાયત ,ગ્રામ ગુહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય
-કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિ.શ્રીની કચેરી, ગાંધીનગર
-કમિશ્નરશ્રી, વિકાસ કમિ.શ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
-નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
-અદયક્ષશ્રી, ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
-સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ /જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
-રાજ્યની તમામ સરકારી/ ગ્રાંટ ઇન એઇડ/સ્વ નિર્ભર ઇજનેરી કોલેજ/ પોલિટેકનિકોના આચાર્યશ્રીઓ ( નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ મારફત)
-શિક્ષણ વિભાગ હેઠળની તમામ શાખાઓ
-માહિતી નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર (નિયા.શ્રી, ટેકનિકલ શિક્ષણ મારફત)
-સિલેકટ ફાઇલ